Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## યુવાનો–યુવતીઓને માર્ગદર્શન

જીવનના ઉચ્ચ આદર્શ–સંપાદનની તૈયારીનો સમય જ યુવાની છે. ખચિત આજે ભારતના તેમજ દુનિયાના યુવાનો ઉપર ભારે જવાબદારી આવી પડી છે. જગતના ભાવિના ઉધ્ધારનો આધાર તેમના પર છે.

ભવ્ય આત્મભોગ દ્વારા આંતરિકસ્વાતંત્ર્ય સંપાદનનો પ્રયત્ન કરનારા તથા સમગ્ર જગતના કલ્યાણના મુકિત–સ્વરૂપ યુવાનો તથા યુવતીઓને ધન્ય છે.

દુનિયામાં વીર બનો. તમારા જીવનની અમર દિવ્ય શકયતા પર શ્રદ્ધા રાખો. ઈશ્વરચિંતનદ્વારા તમારા આત્માને પુનિત બનાવો તથા તેમાં પ્રેમ તથા સેવાનાં બીજ રોપો, જેથી તે ફળદાતા વૃક્ષ બનશે. જગતને શાંતિ તથા આનંદ આપો. તમારું જીવન તથા ચિંતન ઇશ્વર જોડે એકતાર કરો. સર્વ કર્મ પ્રભુના નામે તથા પ્રભુના અર્થે જ કરો.

—રામદાસ

પ્રકાશકઃ–
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૫
અંક ૯

અષાઢ
સં. ૨૦૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. સુભાષિત. | | ૧૨૯ |
| ૨ પ્રમાદનું ફળ. | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર ") | ૧૩૦ |
| ૩ શ્રી અજિતનાથ જિન સ્તવન. | ( અમરચંદ માવજી શાહ ) | ૧૩૦ |
| ૪ સંપનું મહત્ત્વ. | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર ") | ૧૩૨ |
| ૫ તીર્થંકર પરમાત્માના ૩૪ અતિશયોની વિશિષ્ટતા. (૨) | ( પં. શ્રી સુશીલવિજયજી ) | ૧૩૫ |
| ૬ ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિના સંશોધકો અને ટિપ્પણકાર. | ( શ્રી હીરાલાલ ર. કાપડિયા ) | ૧૩૯ |
| ૭ મહત્ત્વાકાંક્ષા. | ( અનુ૦ વિઠ્ઠલદાસ મૂ૦ શાહ ) | ૧૪૩ |


## સ્વ. પંન્યાસજી શ્રી સુબુદ્ધિવિજયજી મહારાજ

પંન્યાસજી મહારાજ શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવર્ય, ત્રીશ વરસનો સુંદર સંયમ પાળી, ૬૭ વર્ષની વયે, અંધેરી (મુંબઇ) મુકામે ગત અશાડ સુદિ બીજના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાની દુઃખદ નોંધ લેતાં અમો અમારી સમવેદના વ્યક્ત કરીએ છીએ.

સદ્‌ગતનો જન્મ અમદાવાદખાતે શેઠ ફતેચંદ દોલતરામને ત્યાં સં. ૧૯૪૮માં થયો હતો. મૂળથી જ તેઓશ્રીનું જીવન ધાર્મિક ભાવનાથી ભર્યું હતું, પોતાના એકના એક પુત્ર કલ્યાણભાઇ તથા પુત્રી લીલાવંતીને બાલ્યવયથી ધર્મમાર્ગે જોડ્યા હતા. સં. ૧૯૮૩માં એ બન્ને સંતાનોને દીક્ષા અપાવી. (પં. કનકવિજયજી ગણિવર્ય–સાધ્વીશ્રી દર્શનશ્રી) તેઓશ્રીએ સં. ૧૯૮૪ના ફા. શુ ૪ના આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ના હસ્તે દીક્ષા અંગીકાર કરી. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીના શિષ્યરત્ન ઉપાધ્યાયશ્રી ધર્મવિજયજી ગણિવર્યના તેઓશ્રી પ્રથમ શિષ્ય બન્યા હતા.

પંન્યાસ શ્રી કનકવિજયજી ગણિવર્ય, આજે જૈન શાસનની જે ઉત્તમ સેવા કરી રહ્યા છે, તે સદ્‌ગતની પ્રેરણાને આભારી છે.

તેઓશ્રીના જીવનમાં સહૃદયતા, સેવાભાવ, વૈયાવચ્ચ, અપ્રમત્તભાવ અને ભદ્રિકતા આદિ ગુણો ભર્યા હતા. નાની મોટી તપશ્ચર્યા પણ તેઓશ્રીએ સારા પ્રમાણમાં કરી હતી.

સદ્‌ગતના આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાઓ એ જ મહેચ્છા.

## ઝવેરી પદમશી પ્રેમજીનું દુઃખદ અવસાન

કચ્છ–મુદ્રાનિવાસી ઝવેરી પદમશી પ્રેમજીના માટુંગા (મુંબઇ) ખાતે ૬૪ વરસની વયે, અષાડ શુદ ૧૧ના થએલ અવસાનની સખેદ નોંધ લેતાં અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

સદ્‌ગત સ્વભાવે શાન્ત, દયાળુ અને મિલનસાર હતા. ધાર્મિક સંસ્કારો પણ સારા હતા. આ સભાના તેઓશ્રી આજીવન સભ્ય હતા.

અમો સદ્‌ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૫ મું ] સં. ૨૦૧૪ અશાડ [ અંક ૯

# સુભાષિત

बलवानपि निस्तेजाः कस्य नाभिभवास्पदम् ।
निःशंकं दीयते लोकैः पश्य भस्मचये पदम् ॥

ગણે છે વિશ્વમાં કોઈ, તેજસૂના બલિષ્ટને ?
લોકો નિઃશંક થૈ ચાલે, રાખના ઢગલા પરે.

ગમે તેવા બલિષ્ટની, ભલા ભૂપની, પણ તેના નિસ્તેજ થયા પછી કોઇ ગણના કરતું નથી. અંગારો ઝગારા મારતો હોય ત્યાં સુધી જ લોકો તેનાથી દૂર રહે છે. તે બળીને રાખ થતાં સૌ કોઇ નીડરતાથી તેના પર પગ મૂકીને ચાલ્યા જાય છે. ફલિતાર્થ એ છે કે, માનવની જ્વલંત શક્તિ એક વાર લુપ્ત થયા પછી તેની ઉપેક્ષા થવાની જ, માટે કદિ પણ પોતાની તેજસ્વિતા ન ગુમાવવી. પછી એ તેજસ્વિતા શક્તિની, બુદ્ધિની, ચારિત્ર્યની—ગમે તેની હોય.

"કુમાર"માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રમાદનું ફળ.

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'.

(પુણ્યનું ફળ ભલે મળે કે ન મળે પણ પ્રમાદનું
ફળ તરત જ મળે એવી માગણી કવિ કરે છે.)

નિયમ અખંડિત અનાદિનો છે કર્મરાજ! તારો જગ જાણ,
ટળ્યો નથી ને નહીં ટળવાનો અપ્રતિહત એ છેક નિદાન;
સુજન મુનિજનો દૂરે નાસે નિર્દય અટલ વિચારી ન્યાય,
ધ્રૂજે તારો સંગ જોડતા શમ દમ ધારે એ મનમાંય. ૧

પકાવતો તું રહે કર્મને ઘણા કાળથી જ્યાં ઉભરાય,
ત્યારે કડવા મીઠા ફળને ચખાડતો તું તારો ન્યાય;
લાજે નહીં ત્યાં લગી એ માનવ કર્મ જોડતો ચાલ્યો જાય,
પરિણામોનો ડર નહીં એને પાપ કરંતા એ મલકાય. ૨

પ્રમાદ કરતા માને સહુ કો' ઊડી ગયું એ હવામહીં,
પણ એ બેસે વિવર કરીને આત્મા સાથે મળી જઈ;
પુણ્ય પાપના ફળ એ મળશે કયારે પાકે નહીં કળાય,
જ્ઞાનહીનને દિસે નહીં એ કાનેથી વા નહીં સંભળાય. ૩

પુણ્યતણા ફલ કાલાંતરથી ભલે આપ તું નિજને ન્યાય,
અથવા કદી ન આપે તે પણ તને ઉચિત ને યોગ્ય જણાય;
પ્રમાદનું ફળ આપ તત્ક્ષણે દંડ કરી વા દુઃખ દઈ,
જેથી મારો નરભવ સુધરે બાલેન્દુની વિનતિ સહી. ૪

★

# શ્રી અજિતનાથ જિન સ્તવન.

(રાગ : કિરિઆવિહિસંચિઅકમ્મકિલેસવીમુક્ખયરં)

અજિત જિનેશ્વર જિત કરી તમે જગ ખરી,
દુષ્કર ઈન્દ્રિય વિષય કષાયનો જય કરી–
શબ્દ રૂપ રસ ગંધ સ્પર્શના,
વિષયોમાં ભમું હું વિચારું નહિં જરી–
અજિત.........ટેક-૧

ઇષ્ટ અનિષ્ટ એ વિષયોમાં રાગ દ્વેષથી,
હર્ષ-શોક કરું હું મોહાભાવથી–
ક્રોધ માન માયા અને લોભ કષાયમાં,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંસા અસત્ય આદિ કરું હું રંગથી-
અજિત............૨

ઇન્દ્રિયજય વિના યોગસાધના શું કરું?
મન જિત્યા વિણુ ઇન્દ્રિયજય હું કેમ કરું-
સંકલ્પવિકલ્પ પાંખે હું વિચરું જગમહીં,
વિષય-કષાય-તૃષ્ણામાં ફસાઈ મરું-
અજિત.........૩

ઇષ્ટ અનિષ્ટમાં રાગ દ્વેષની વિષમતા,
એમાં ચિત્તની કયાંથી રહે પ્રભુ સ્થિરતા-
સમતા વિણુ મન જય કયાંથી કરી શકું?
વૈરાગ્ય ભાવ વિના પ્રગટે નહિં સમતા-
અજિત..............૪

અનિત્ય અશરણુ સંસાર આદિ ભાવના,
વિચારું મૂકી મનની સૌ કામના-
આશ્રવ સંવર નિર્જરા આદિ તત્ત્વથી,
જીવાજીવ વિવેકે વિચારું આત્મના-
અજિત.............૫

બહિરાતમ નિવારી હું આતમભાનમાં,
આતમધ્યાન જગાવું હું અંતરતાનમાં-
અમનસ્ક યોગથી મનનો જય કરું,
ઉન્મનીભાવથી સ્થિર થાઉં સ્વરૂપમાં-
અજિત............૬


સમભાવે થઇ ભૂષિત હું પ્રભુ આવીયો,
સમતા રસનો અમૃત સ્વાદ મેં ચાખીયો-
સૌરભ લઉં હું આપનાં પ્રેમનાં પુષ્પની,
અનાહત વાણીથી શાંતિ પામીઓ-
અજિત............૭

અજિતનું મૂળ કમળ નિરખી ચિત્તપ્રસન્નતા,
પરમ પ્રેમે પરમાત્મ રૂપને પૂજતાં-
મિથ્યાત્વ અવિરતી પ્રમાદ કષાય યોગથી,
અમર અજિત થાઉં હું પ્રભુને વંદતા-
અજિત............૮

અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંપનું મહત્ત્વ

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

## संहतिः कार्यसाधिका

જગતમાં કોઇ પણ બે જીવો બધી રીતે સરખા હોતા નથી. ભિન્નતા એ જન્મજાત છે. આપણે એવી ભિન્નતા ઉત્પન્ન કીધેલી નથી. જીવ ક્ષણે ક્ષણે નવા કર્મો જાણે કે અજાણે કર્યા જ કરે છે. તેમ પ્રાચીન કર્મોનો ભોગવટો પણ કર્યે જ જાય છે. તેમ કેટલાએક મહાભાગો પ્રાચીન કર્મોને જાણી જોઇ ઉદયમાં લાવી તેને વેદી લેવા પણ પ્રયત્ન કરે છે.

કોઇ અજ્ઞાની હોય છે તેમ કોઇ જ્ઞાનવાન હોય છે. પાપ પ્રવૃત્તિ કોઇને ગમે છે, ત્યારે તેનો તિરસ્કાર કરવો કોઇને ગમે છે. ધર્માચારમાં કોઇને રસ પડે છે, ત્યારે કોઇને તેનો કંટાળો આવે છે. કોઇને જ્ઞાન ભણવામાં આનંદ આવે છે. ત્યારે પુસ્તક હાથમાં ધરવું પણ કોઇને ગમતું નથી. કોઇને ખૂબ તપશ્ચર્યા કરવી ગમે છે ત્યારે એકાદ ઉપવાસ પણ કોઇને ભારે પડી જાય છે. એમ અનેક રીતે ભિન્નતા જોવામાં આવે છે. ત્યારે એકતા શી રીતે પ્રસ્થાપિત થાય ? અને સંપ કેમ સધાય ? એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેનો ઉકેલ મેળવવા આપણે યથામતિ પ્રયત્ન કરીએ.

જેમ ભિન્નતા વિવિધ રૂપે પ્રતીત થાય છે, તેમ એકતા પણ અનેક રીતે અનુભવમાં આવે છે. આપણે બધાને ખાવાપીવાની જરૂર હોય છે. અંગ ઢાંકવા માટે વસ્ત્રની જરૂર હોય છે. સામાન્ય રીતે કુદરતી રીતે આવતા સુખ દુઃખના પ્રસંગો ઉપસ્થિત થાય છે, તે વેળા સમૂહની આપણને જરૂર લાગે છે. આપણે ત્યાં લગ્નાદિ પ્રસંગ હોય કે પુત્રજન્મ જેવો અવસર હોય ત્યારે આપણા સુખમાં બીજાઓ સહભાગી થાય એમ આપણે ઇચ્છીએ છીએ. ત્યારે દુઃખના પ્રસંગે પણ આપણે અન્યોન્ય મદદની અપેક્ષા અવશ્ય રાખીએ છીએ. મતલબ કે, અરસપરસ સમૂહગત સહકાર વગર આપણું જીવન ચાલે તેમ નથી. માટે જ આપણે પહેલા-થી જ ચેતીને બધાની સાથે પ્રેમની અને સહકારની વૃત્તિ રાખીને જ ચાલવું પડે છે. અને એ નિયમો જે ભાંગે છે તે લોકપ્રિયતા ગુમાવી બેસે છે અને એનું જીવન ખાટું થઈ જાય છે.

આપણને સંસારમાં અનેક વસ્તુઓનો ખપ લાગે છે. અને તે મેળવવા માટે બીજા પાસે આપણે જવું પડે છે. ખેડૂત અનાજ પકવે, વણકર કપડું વણે, સુથાર અને કડીઆ ઘર બાંધી આપે, ત્યારે જ આપણે ઘરમાં રહીએ. આમ તો અનેક માણસોના સહકારથી આપણે જીવી શકીએ છીએ. જ્યારે આપણે જરૂરી ચીજો મેળવવા માટે બીજા તરફ જઇએ છીએ ત્યારે આપણી પેઠે એ પાઘડી પહેરે છે કે ટોપી પહેરે છે, તિલક લગાડે છે કે ખુલ્લું કપાળ રાખે છે, આપણે જે ધર્મ પાળીએ છીએ તે જ ધર્મ એ પાળે છે કે કોઇ જુદો જ ધર્મ પાળે છે, એનો આપણે વિચાર જ કરતા નથી. એની ભિન્ન માન્યતા સાથે આપણને કોઇ જાતની લેવાદેવા ન હોય છતાં આપણા કાર્ય પૂરતો સહકાર તો આપીએ જ છીએ. દરેક પળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મતભિન્નતા જ નજર સામે આપણે રાખતા હોઇએ તો કોઇ સાથે આપણો મેળ આવે જ નહીં. અને આપણું બધું જ કામ અટકી પડે. સામાન્ય નીતિ-નિયમો પાળતા હોઇએ ત્યાં સુધી ગમે તેટલા મતભેદો આપણે નભાવી લેવા પડે છે. ભારત દેશનું હાલનું રાજ્યબંધારણ પણ આવા મતભેદો ટાળવા માટે જ ધર્મનિરપેક્ષ રાખવામાં આવેલું છે. અને એને લીધે જ અનેક જાતની જુદી જુદી માન્યતા ધરાવનારા લોકો એકત્ર રહી શકે છે. મતલબ કે મતભેદો ગમે તેટલા હોય છતાં આપણે અમુક હદ સુધી એકત્ર આવી સહકાર સાધવો જ પડે છે. કોઈ એમ કહે કે હું ધર્મ બધો જ સમજી ગયો છું, માટે હું કહું તેમ બધાએ વર્તન કરવું જ જોઇએ. અને કોઈ એમ કરવા ના પાડે અગર મતભેદ બતાવે તેની સામે મારે લડવું જ જોઇએ, તો એમ કરવું તે શુદ્ધ મૂર્ખાઈ જ છે. ભગવાન સાથે કેટલાએક લોકોનો મતભેદ જાગ્યો હતો, પણ ભગવાને કરુણાબુદ્ધિથી સમભાવ રાખી સંતોષ માન્યો હતો, એમાં મુખ્ય વસ્તુ એવી છે કે, પ્રભુ જ્ઞાની હતા છતાં એમણે કોઇનું મંતવ્ય ફેરવવા માટે કટુતાનો જરા પણ અવલંબ કર્યો જ નહોતો, ત્યારે આપણું જ્ઞાન કેટલું? આપણે કોઇના મતભેદ માટે બીજાને દંડવાની બુદ્ધિ રાખીએ એ કેવું અસંગત ગણાય? દરેક મનુષ્ય પોતાનો ઘડાએલો અંગત મત ભલે ધરાવે પણ અન્ય સાથે સહકાર સાધતો રહે તો જ જગતમાં સંપ જળવાઈ રહે. પ્રભુના શાસનમાં કેવળ હઠાગ્રહને લીધે કેવા ચીરકા જાગ્યા એ આપણે જોઇએ છીએ. એમાં કોની ભૂલ છે એ મુદ્દો ગૌણ છે, કારણ બધા જ અપૂર્ણજ્ઞાની છે. તેથી જ પ્રભુએ અગમચેતી રાખી સ્યાદ્વાદનો સમન્વયવાદ લોકોને સમજાવ્યો પણ આપણે એ સિદ્ધાંતને પણ છાપરે ચઢાવી દીધો. અને એકાંત રીતે 'હું જ સાચો' એવી ધર્મહીન કલ્પના અપનાવી લીધી, અહંને પોષ્યો અને અનેક કલહોને જન્મ આપ્યો. આટલા જ્વલંત દાખલા નજર સામે છતાં આપણે કદાગ્રહ કરતા અચકાતા નથી, એ કેવું આશ્ચર્ય છે?

જ્યારે કોઇ સમૂહગત આપત્તિ આવીને ઊભી રહે છે ત્યારે બધા સાથે મળી તેનો પ્રતિકાર કરે તો જ તેનું નિવારણ થઇ શકે છે. ત્યારે એ બધાનું જ કામ છે એમ જાણી બધાને સાથે મળી કામ કરવું પડે છે. મનુષ્ય એ સમૂહ કરી જીવન જીવનાર પ્રાણી હોવાથી તેને સહકારની આવશ્યકતા હોય છે જ અને બધી જ બાબતોમાં પોતાનું અહંપણું ચલાવવાનો અધિકાર નથી. અમુક કારણપરત્વે પોતાની માન્યતા પોતા પૂરતી મર્યાદિત રાખવી જ પડે છે.

જૈનધર્મ અને જૈનસમાજ ઉપર હાલમાં અનેક જાતની આપત્તિઓ ચોતરફથી આવી રહી છે. ત્યારે આપણે આપસમાં ઝગડતા રહી નવા નવા મતભેદોને જન્મ આપતા રહીએ એ આપણા જેવા અલ્પસંખ્ય સમાજને પરવડે એમ નથી.

કોઈના ઘરને આગ લાગેલી હોય ત્યારે એ મનુષ્ય જો વિચાર કરે કે આગ ઓલવનારો કોણ છે? એનો અને અમારો ધર્મ એક છે કે જુદો? એ ઢેડ છે કે ચમાર? એ સજ્જન કે દુર્જન? એ ભણેલો મારા જેવો પંડિત છે કે કોઇ ગમાર? એનો એ વિચાર કરે નહીં. આગ ઓલવવી એ જ એનું તાત્કાલિક કાર્ય હોવાને લીધે એને બધાનો સહકાર એ વખતે ખપે છે. એવે પ્રસંગે કોઈ મતભેદનું કારણ આગળ કરી આગ ઓલવવાનું કાર્ય રોકી દે તો એના જેવો મૂર્ખ બીજો કોણ?

મતભેદ ગમે તેવો તીવ્ર હોવા છતાં અનેક પ્રસંગે આપણે મતભેદવાળા સાથે સહકાર કરવો જ પડે છે. અને એવો સહકાર સાધવો એ આપણું કર્તવ્ય થઇ પડે છે. પ્રભુ મહાવીર ગોશાલકને સારી પેઠે ઓળખતા હતા. એનો સહવાસ પ્રભુને ત્રાસદાયક હતો, છતાં પ્રભુએ એનો તિરસ્કાર કે દ્વેષ કદી પણ કર્યો નથી. દરેક જીવ ગમે તેવું સારું કે માઠું કર્મ કરવાને સ્વતંત્ર છે. એ પ્રભુ જાણતા હોવાથી જ ગોશાલક સાથે તેઓ દ્વેષનો વિચાર પણ મનમાં લાવ્યા નહીં. ત્યારે જરા જરા મતભેદ કે ક્રિયાભેદ માટે આપણે જૈનો રણાંગણ ખેલવા તૈયાર થઇએ એ આપણા માટે શોભાસ્પદ તો નથી જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમુક મુદ્દા પૂરતો આપણો મતભેદ ભલે હોય તે છોડી આપણે અન્ય બાબતમાં સહકાર ન આપીએ અને અમુક મતભેદ હોવાથી એ આપણો દુશ્મન જ છે એવી ભાવના રાખી લડતા રહીએ એમાં તો નરી આપણી મૂર્ખાઈ જ પ્રતીત થાય છે. અને આપણી આવી મૂર્ખાઇ અને ઘેલછા જોઇ લોકો હસે છે. અને અનેકાંત જેવા સર્વ સંગ્રાહક સિદ્ધાંતને માનનારા છીએ એમ કહેવરાવનારા છતાં એ સિદ્ધાંત છાપરે ચડાવી જરા જરા બાબતને આગળ ધરી લડતા રહીએ એ કેવું આશ્ચર્ય છે?

કૌરવો અને પાંડવો સામાન્ય સંસારી જીવન ગાળી રહ્યા હતા. આપસમાં દુશ્મનાવટ ધરાવતા હતા. અરસપરસ ખૂબ કટુતા કરી હતી છતાં પ્રસંગોપાત તેઓ શત્રુ સાથે લડવા માટે આપસના વેરવિરોધ ભૂલી તૈયાર થયા હતા. ત્યારે આપણી ઉપર બીજાના અનેક હુમલા આવવા છતાં આપણે આપસમાં લડવાનું જ ચાલુ રાખીએ અને એકતાને ઠોકરે મારી લડવામાં જ જીવનનું સર્વસ્વ માની એમાં જ સાચી ધર્મસેવા છે એમ કહેતા ફરીએ એ કેવું આશ્ચર્ય?

કોઇ સંત મહાત્મા હજારો વર્ષની યોગનિદ્રા તજી જાગી આજના જૈન સંઘમાં આવી ઊભો રહે, અને આજનું જૈન સમાજનું ચિત્ર નજર સામે મૂકે તો તેને શું જણાશે? શું એને આજના કુરૂક્ષેત્ર જગાવનાર માંધાતાઓ માટે માન ઉપજશે? કે ઘૃણા પેદા થશે! અનેકાંતના અટળ સિદ્ધાંતનો છડેચોક ભંગ કરી 'અહં અને મમ' ને આગળ ધરનારાઓ માટે શું ગૌરવની ભાવના એમના મનમાં જાગશે? આવા સજ્જનો પાસેથી જૈન ધર્મને બચાવો એવો જ પોકાર એમના મનમાં જાગે તો એમાં આશ્ચર્ય માનવાનું કાંઇ જ કારણ નથી.

વિવિધતામાં એકતા જોઇ મતભેદોને ગૌણ ગણી આપસમાં સહકારની વિશુદ્ધ ભાવના જાગે અને જૈન સમાજનું ગૌરવ વધે અને આપણે પ્રભુ મહાવીરના સાચા અનુયાયીઓ છીએ એ જગતને બતાવી આપીએ એવી ઊંચી ભાવના આપણા સૌના મનમાં જાગે એ જ અભ્યર્થના!

❀

वृक्षं 'क्षीणफलं' त्यजंति विहगाः शुष्कं सरः सारसाः
पुष्पं पर्युषितं त्यजंति मधुपा दग्धं वनान्तं मृगाः।
निर्द्रव्यं पुरुषं त्यजंति गणिका भ्रष्टश्रियं मन्त्रिणः
सर्वः कार्यवशाज्जनोऽभिरमते कस्यास्ति को वल्लभः ? ॥

( ઇન્દ્રવિજય )

ક્ષીણ થતાં ફળ પંખી તજે તરુ ષટ્પદ પુષ્પ સુગંધ વિનાના,
સારસ વારિ વિહીન સરોવર દગ્ધ થતાં વનને મૃગ શાણા;
મંત્રિજનો પદભ્રષ્ટ નરાધિપ વારવધૂ ધનહીન જનોને,
સ્વાર્થ વિષે નર એમ રમે સહુ, કોણ કહો જગમાં પ્રિય કોને?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકર પરમાત્માના ૩૪ અતિશયોની વિશિષ્ટતા

પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી મહારાજ

(૨)

( પૃષ્ઠ ૩૨ થી ચાલુ )

પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ ચૌમાસી દેવવંદનમાં આવતા શ્રી શાંતિનાથ ભગવંતના સ્તવનમાં લાવ્યા છે કે-

સોલમા શાંતિ જિનેશ્વર દેવ કે, અચિરાના નંદ રે; જેહની સારે સુરપતિ સેવ કે ।। અ૦ ।।

તિરિ નર સુર સમુદાય કે ।। અ૦ ।। એક યોજનમાંહે સમાય કે ।। અ૦ ।। ૧ ।।

તેહને પ્રભુજીની વાણી કે ।। અ૦ ।। પરિણમે સમજે ભવિ પ્રાણી કે ।। અ૦ ।। સહુ જીવના સંશય ભાંજે કે ।। અ૦ ।। પ્રભુ મેઘધ્વનિ એમ ગાજે કે ।। અ૦ ।। ૨ ।।

જેહને જોયણુ સવાસો માન કે ।। અ૦ ।। જે પૂર્વના રોગ તેણે થાનકે ।। અ૦ ।। સવિ નાશ થાયે નવા નાવે કે ।। અ૦ ।। ષટ્ માસ પ્રભુ પરભાવે કે ।। અ૦ ।। ૩ ।।

જિહાં જિનજી વિચરે રંગ કે ।। અ૦ ।। નવિ મૂષક શલભ પતંગ કે ।। અ૦ ।। નવિ કોઈને વયર વિરોધ કે ।। અ૦ ।। અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધ કે ।। અ૦ ।। ૪ ।।

નિજ પરચક્રનો ભય નાસે કે ।। અ૦ ।। વળી મરકી નાવે પાસે કે ।। અ૦ ।। પ્રભુ વિચરે તિહાં ન દુકાલ કે ।। અ૦ ।। જાયે ઉપદ્રવ સવિ તત્કાલ કે ।। અ૦ ।। ૫ ।।

જસ મસ્તક પૂંઠે રાજે કે ।। અ૦ ।। ભામંડલ રવિ પરે છાજે કે ।। અ૦ ।। કર્મક્ષયથી અતિશય અગીયાર કે ।। અ૦ ।। માનું યોગ સામ્રાજ્ય પરિવાર કે ।। અ૦ ।। ૬ ।।

કમ દેખું ભાવ એ ભાવે કે ।। અ૦ ।। એમ હોંશ ઘણી ચિત્ત આવે કે ।। અ૦ ।। શ્રી જિન ઉત્તમ પરભાવે કે ।। અ૦ ।। કહે પદ્મવિજય બની આવે કે ।। અચિ૦ ।। ૭ ।।

**દેવકૃત ઓગણીશ અતિશય—**

એ તીર્થંકર પરમાત્માને કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી, ભક્તિપૂર્વક દેવતાઓ ૧૯ અતિશયો કરે છે. તે આ પ્રમાણે—

[૧] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે-વિહાર કરે ત્યાં ત્યાં આકાશમાં દેદીપ્યમાન કાંતિવાળું ધર્મને પ્રકાશ કરનાર ધર્મચક્ર આગળ ચાલે છે. એ જ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો પહેલો અતિશય કહેવાય છે.

[૨] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે-વિહાર કરે ત્યાં ત્યાં આકાશમાં દિવ્ય શ્વેત ચામરો બન્ને બાજુ ચાલે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો બીજો અતિશય કહેવાય છે.

[૩] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે ત્યાં ત્યાં આકાશમાં નિર્મળ સ્ફટિક મણિનું પાદપીઠ સહિત રચેલું દિવ્ય સિંહાસન ચાલે છે, એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો ત્રીજો અતિશય કહેવાય છે.

[૪] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે-વિહાર કરે ત્યાં ત્યાં આકાશમાં તેમના મસ્તક પર દિવ્ય ત્રણ છત્ર રહે છે અને સાથે ચાલે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો ચોથે અતિશય કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[ ૫ ] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે–વિહાર કરે ત્યાં ત્યાં આકાશમાં દિવ્ય રત્નમય ધર્મધ્વજ તેમની આગળ ચાલે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો પાંચમો અતિશય કહેવાય છે. (આ રત્નમય ધ્વજ અન્ય સર્વધ્વજની અપેક્ષાએ મહાન્ હોવાથી 'ઈન્દ્રધ્વજ' તરીકે પણ ઓળખાય છે.)

ઉક્ત આ પાંચે અતિશય એ તીર્થંકર પરમાત્માની સાથે ને સાથે આકાશમાં ચાલ્યા જ કરે છે, અને જ્યાં જ્યાં એ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન બેસે ત્યાં ત્યાં તે યથાયોગ્ય ઉપયોગમાં આવે છે. તેમાં ધર્મચક્ર અને ધર્મધ્વજ એ તીર્થંકર પરમાત્માના આગળના ભાગમાં રહે, પાદપીઠ એ પ્રભુના પગ તળે રહે, સિંહાસન ઉપર એ પ્રભુ બેસે, તેમની બન્ને તરફ ચામરો વીંઝાય અને ત્રણ છત્ર એ પ્રભુના મસ્તક પર રહે છે.

[ ૬ ] દેવોએ રચેલા દિવ્ય સોનાના નવ કમળો પૈકી બે કમળ પર એ તીર્થંકર પરમાત્મા પોતાના બે પગ રાખીને ચાલે છે, અને પાછળ રહેલા સાત કમળોમાંથી બબ્બે કમળ ક્રમસર એ સર્વજ્ઞ વિભુની આગળ આવ્યા કરે છે. તેની ઉપર પ્રભુ બન્ને પગ રાખીને ચાલ્યા કરે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો છઠ્ઠો અતિશય કહેવાય છે.

[ ૭ ] એ તીર્થંકર પરમાત્માના સમવસરણ ફરતા ત્રણ ગઢ–પ્રાકાર દેવતાઓ રચે છે. તેમાંનો એ પ્રભુની પાસેનો પહેલો ગઢ વિચિત્ર પ્રકારના રત્નોમય વૈમાનિક દેવો બનાવે છે, બીજો વચલો ગઢ સુવર્ણમય જ્યોતિષી દેવો બનાવે છે, અને ત્રીજો બહારનો ગઢ રુપાનો ભુવનપતિ દેવો બનાવે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો સાતમો અતિશય કહેવાય છે.

[ ૮ ] એ તીર્થંકર પરમાત્મા જ્યારે દેવોએ રચેલા સમવસરણમાં સિંહાસન પર પૂર્વ સન્મુખ બેસે ત્યારે બાકીની ત્રણ દિશામાં (દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં) એ તીર્થંકર પ્રભુના પ્રભાવથી તેમના જેવી જ સિંહાસનાદિક સહિત ત્રણ મૂર્તિઓ દેવોએ વિકુર્વેલી દેખાય છે. એ સમયે સર્વ દિશાઓમાં બેઠેલા દેવો વગેરેને એ તીર્થંકર પરમાત્મા પોતે જ અમારી સામે બેસીને અમને સુંદર દેશના–સદુપદેશ આપે છે એવો સાચો સાક્ષાત્કાર પૂર્ણ વિશ્વાસપૂર્વક થાય છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો આઠમો અતિશય કહેવાય છે.

[ ૯ ] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં સ્થિરતા કરે ત્યાં ત્યાં, એ તીર્થંકર પરમાત્માની ઉપર, દેવોએ ઊંચો બનાવેલો દિવ્ય અશોકવૃક્ષ છાયા કરતો રહે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો નવમો અતિશય કહેવાય છે.

[ દરેક તીર્થંકરના દેહના પ્રમાણથી બારગણો ઊંચો અશોકતરુ દેવો રચે છે. આ અવસર્પિણીમાં થયેલા ચોવીશ તીર્થંકર પૈકી આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુના ઉપર ત્રણ ગાઉ ઊંચો, ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી પ્રભુના ઉપર બત્રીશ ધનુષ ઊંચો અને બાકીના બીજા શ્રી અજિતનાથ તીર્થંકરથી માંડી તેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુ સુધીના તીર્થંકરો પર તેમના દેહથી બારગુણો ઊંચો દેવોએ રચેલો શ્રેષ્ઠ અશોકતરુ હતો. જુઓ–

उसभस्स तिन्नि गाउय, बत्तीसधणुणि वद्धमाणस्स ।
सेसजिणाणमसोओ, शरीरओ बारसगुणो ॥१॥ ]

[૧૦] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે–વિહાર કરે ત્યાં ત્યાં કાંટાઓ અધોમુખ થઈ જાય છે, અર્થાત્ માર્ગમાં રહેલા કાંટાઓની અણીઓ નીચી જાય છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો દશમો અતિશય કહેવાય છે.

[૧૧] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે–વિહાર કરે ત્યાં ત્યાં વૃક્ષો એ પ્રભુને પ્રણામ કરતા હોય તેમ નીચા નમે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો અગિયારમો અતિશય કહેવાય છે.

[૧૨] એ તીર્થંકર પરમાત્મા જે સ્થળે વિચરે છે–વિહાર કરે છે તે સ્થળે ઊંચે આકાશમાં દેવદુંદુભિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાગ્યા કરે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો બારમો અતિશય કહેવાય છે.

[૧૩] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે-વિહાર કરે ત્યાં ત્યાં શીતળ સુખસ્પર્શવાન્ અને સુગંધયુક્ત એવો સંવર્તક વાયુ, સર્વ દિશાઓમાં ચારે તરફ એક એક યોજન (ચાર ગાઉ) સુધી ભૂમિ પ્રમાર્જન કરે છે. અર્થાત્ પૃથ્વી પરના કચરા વગેરેને દૂર કરે છે. (આ સંવર્તક વાયુ વાયુકુમાર દેવો વિકુર્વે છે.) એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો તેરમો અતિશય કહેવાય છે.

[૧૪] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિચરે-વિહાર કરે ત્યાં ત્યાં ચાસ, મોર અને શુક (પોપટ) વગેરે પક્ષીઓ એ તરનતારન તીર્થંકર પરમાત્માને પ્રદક્ષિણા દેતા ફરે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો ચૌદમો અતિશય કહેવાય છે.

[૧૫] એ તીર્થંકર પરમાત્મા જ્યાં જ્યાં વિરાજે છે ત્યાં ત્યાં ધૂળી વગેરે શમાવવા માટે ઘનસાર વગેરે યુક્ત ગંધોદકની વૃષ્ટિ થાય છે. (આ વૃષ્ટિ મેઘકુમાર દેવો કરે છે.) એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો પંદરમો અતિશય કહેવાય છે.

[૧૬] એ તીથંકર પરમાત્માના સમવસરણની ભૂમિમાં ચંપક વગેરે પાંચ વર્ણના પુષ્પોની-ફૂલોની જાનુપ્રમાણ (ઢીંચણ સુધી) વૃષ્ટિ થાય છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો સોળમો અતિશય કહેવાય છે.

આ પુષ્પો જળ અને સ્થળમાં ઉત્પન્ન થયેલાં પણ હોય છે.

જુઓ આગમનું પ્રમાણ—

बिटट्ठाइं वि सुरभि जलथलयं दिंव्वकुसुमनीहारिं।
पकिरंति समंतेणं दसद्धवणं कुसुमवासंति ॥

"નીચાં બીંટવાળાં, સુગંધવાળાં અને જળ-સ્થળમાં ઉત્પન્ન થયેલાં એવાં પંચરંગી દિવ્ય પુષ્પોની વૃષ્ટિ દેવો ચારે તરફ વિસ્તારે છે.'

[૧૭] એ તીર્થંકર પરમાત્માના માથાના વાળ, દાઢી અને મૂછ તથા હાથ અને પગના નખ વૃદ્ધિ પામતા નથી અર્થાત્ સર્વદા એક જ સ્થિતિમાં રહે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો સત્તરમો અતિશય કહેવાય છે.

[૧૮] એ તીર્થંકર પરમાત્માની સમીપે સર્વદા જઘન્યથી એક ક્રોડ ભવનપતિ વગેરે ચારે નિકાયના દેવો રહે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો અઢારમો અતિશય કહેવાય છે.

[૧૯] એ તીર્થંકર પરમાત્મા જે સ્થળે વિચરતા હોય તે સ્થળે સર્વદા વસંત વગેરે સર્વ ઋતુઓનાં મનોહર ફળ-ફૂલાદિકની સામગ્રી પ્રગટ થાય છે. અર્થાત્ સર્વ ઋતુઓ સાનુકૂળ વર્તે છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો દેવોએ કરેલો ઓગણીશમો અતિશય કહેવાય છે.

આ ઓગણીશ અતિશયો પ્રત્યેક તીર્થંકર પરમાત્મા-ને ઘાતી કર્મના ક્ષયથી દેવોએ કરેલા હોય છે.

ઉક્ત એ ઓગણીશ અતિશયનો ઉલ્લેખ કલિકાળ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે સ્વરચિત અભિધાનચિંતામણીમાં પણ કરેલો છે. જુઓ—

देवकृतानतिशयानाह—

'खे धर्मचक्रं चमराः सपादपीठं मृगेन्द्रा-
सनमुज्ज्वलं च ।
छत्रत्रयं रत्नमयध्वजोंऽह्रिन्यासे च चामीकर-
पङ्कजानि ॥६१॥
वप्रत्रयं चारु चतुर्मुखाङ्गता चैत्यद्रुमोऽधोवदनाश्च
कण्टकाः ।
द्रुमानतिर्दुन्दुभिनाद उच्चकैर्वातोऽनुकूलः शकुनाः
प्रदक्षिणाः ॥६२॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गन्धाम्बुवर्षं बहुवर्णपुष्पवृष्टिः कचश्मश्रुनखाप्रवृद्धिः।
चतुर्विधाऽमर्त्यनिकायकोटिर्जघन्यभावादपि
पार्श्वदेशे ॥६३॥

ऋतुनामिन्द्रियार्थानामनुकूलत्वमित्यमी।
एकोनविंशतिर्दैव्याश्चतुस्त्रिंशच्च मीलिताः ॥६४॥

[अभिधानचिन्तामणौ १–देवाधिदेवकाण्डे]

ઉક્ત એ તીર્થંકર પરમાત્માઓના ચોત્રીશ અતિશયોમાં કોઇ કોઇ સ્થળે ભિન્નતા પણ જણાય છે. પ્રાયઃ તે મતાન્તરને આશ્રયીને હશે? તેનું કારણ તો કેવલિભગવંતો જ જાણી શકે.

એ ચોત્રીશ અતિશયોના નિર્દેશની પૂર્વાચાર્યકૃત એક જ ગાથા—

चउरो जम्मप्पभिई, इक्कारस कम्मसंखए जाए।
नवदस य देवजणिए, चउत्तीसं अइसए वन्दे ॥१॥

[उपदेशप्रासाद–स्तंभ १ व्याख्यान–१]

'તીર્થંકરોને જન્મથી માંડીને ચાર, કર્મના ક્ષયથી અગિયાર, અને દેવોએ કરેલા ઓગણીશ, એમ કુલ ચોત્રીશ અતિશયો હોય છે.

એવા ચોત્રીશ અતિશયવાન્ પરમાત્માને હું વંદન કરું છું.'

પંડિતશ્રી પદ્મવિજયજી મહારાજ પણ શ્રી ઋષભદેવ ભગવાનના સ્તવનમાં લાવ્યા છે કે—

ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીસ એમ અતિશયા
સમવાયંગે પ્રસિદ્ધ
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ સમય પ્રભુ પાળજો,
જેમ થાઉં અક્ષય અભંગ.

ઉક્ત એ ચોત્રીશ અતિશયવાળી વ્યક્તિઓ જગતભરમાં કેવલ તીર્થંકર પરમાત્માઓ જ છે. એમના સિવાય વિશ્વની કોઇ પણ વ્યક્તિ એ ચોત્રીશ અતિશયોનો દાવો કરી શકતી નથી. અને જો કરે અથવા કરવા જાય તો મયૂરની જેમ કુકડાના અનુકરણના જેવી હાંસીકારક તેની સ્થિતિ વિશ્વ સમક્ષ થાય છે.

જગતભરમાં જેની જોડ નથી અને જેઓ પરમપદને પ્રાપ્ત થયેલા છે એવા વર્તમાન શાસનના અધિપતિ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામી પ્રભુની સાથે ભવભ્રમણ કરતી વિશ્વની કોઈ પણ વ્યક્તિની સરખામણી કરવી એ વિશ્વના ચોકમાં પોતાની બુદ્ધિનું લીલામ કરવા જેવું છે.

અનંતગુણના નિધાન એ દેવાધિદેવના ગુણગણનું યથાર્થ વર્ણન કરવાને કોઇ પણ સમર્થ નથી. જુઓ—

यदि त्रिलोकी गणनापरा स्यात्,
तस्याः समाप्तिर्यदि नाऽऽयुषः स्यात्।
पारेपरार्द्धं गणितं यदि स्याद्,
गणेयनिःशेषगुणोऽपि स स्यात् ॥१॥

[कल्पसूत्र–सुबोधिकायाम्]

'જો ત્રણે જગતના લોકો ભેગા થાય, અને તેમના આયુષ્યની સમાપ્તિ ન થાય, તથા પરાર્ધથી ઉપર ગણિત હોય, તો કદાચ તે સર્વજ્ઞવિભુના ગુણો ગણી શકાય.'

એ જેમ અશક્ય છે તેમ એ તરનતારન તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માના યથાર્થ ગુણોનું વર્ણન કરવું તે પણ અશક્ય જ છે, તો પછી તેમની સાથે બીજાની સરખામણી તો ક્યાંથી જ હોય?

એ તીર્થંકર પરમાત્મામાં અને બીજાઓમાં આકાશ અને પાતાલ, મેરુ અને સરસવ જેટલું અંતર છે.

એવા એ તીર્થંકર પરમાત્માના ચોત્રીશ અતિશયનું માત્ર દિગ્દર્શન અત્ર કરાવ્યું છે. વિશેષ જિજ્ઞાસુઓને શ્રી સમવાયાંગ વગેરે આગમાદિ ગ્રંથોમાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિના

## સંશોધકો અને ટિપ્પણકાર

( પ્રૉ. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

[1]**ધર્મસંગ્રહ** એ સંસ્કૃતમાં ૧૫૯ પદ્યોમાં 'અનુષ્ટુભ્' છંદમાં રચાયેલી કૃતિ છે. એમાં ગૃહસ્થ-ધર્મનું તેમજ શ્રમણ-ધર્મનું નિરૂપણ કરાયું છે. આમ એ આચાર-પ્રધાન કૃતિ છે. એ આદર્શ માનવજીવન ઘડવા માટે ઉપયોગી થઇ પડે એવી છે. આ જાતની કૃતિ આ પૂર્વે પણ રચાઇ છે. દા. ત. **ધર્મબિન્દુ, ધમ્મરયણપગરણ** ( ધર્મરત્નપ્રકરણ ) અને **યોગશાસ્ત્ર.**

પ્રસ્તુત કૃતિના પ્રણેતા ઉપાધ્યાય **માનવિજયગણિ** છે. એઓ 'જગદ્ગુરુ' **હીરવિજયસૂરિ**ના સન્તાનીય **વિજયાનન્દસૂરિ**ના શિષ્ય **શાન્તિવિજયગણિ**ના શિષ્ય થાય છે. એમણે પોતાની કૃતિ નામે **ધર્મસંગ્રહ**ને અંગે અનેક સાક્ષીપાઠપૂર્વકની વિસ્તૃત વૃત્તિ સંસ્કૃતમાં વિ. સં. ૧૬૩૧માં પૂર્ણ કરી છે. એ સ્વોપજ્ઞવૃત્તિ ૧૪૪૪૩ ( ૧૪૬૦૨-૧૫૯ ) શ્લોક જેવડી છે. આમ આ મહાકાયવૃત્તિ છે. એના સંશોધક તરીકે પ્રસ્તુત વૃત્તિની પ્રશસ્તિમાં બે નામ અપાયાં છે : (૧) યશોવિજય અને લાવણ્યવિજય. આ પૈકી પ્રથમ સંશોધકનો પરિચય નીચે મુજબ પ્રશસ્તિમાં અપાયો છે :—

" सत्तर्ककर्कशधियाऽखिलदर्शनेषु
मूर्धन्यतामधिगतास्तपगच्छधुर्याः ।
काश्यां विजित्य परयूथिकपर्षदोऽग्र्या
विस्तारितप्रवरजैनमतप्रभावाः ॥ १० ॥

तर्कप्रमाणनयमुख्यविवेचनेन
प्रोद्बोधितादिममुनिश्रुतकेवलित्वाः ।
चक्रुर्यशोविजयवाचकराजिमुख्या
ग्रन्थेऽत्र मय्युपकृतिं परिशोधनाद्यैः
[ किल योजनाद्ये ] ॥ ११ ॥

बाल इव मद्गतिरपि
( बालक इव मन्दगतिः )
सामाचारीविचारदुर्गम्ये
अत्राभूवं गतिमां-
स्तेषां हस्तावलम्बेन ॥ १२ ॥ "

આ પ્રમાણે દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી પ્રકાશિત અને પંન્યાસ શ્રી આનન્દસાગર ( કાલાંતરે સૂરિ બનેલા અને હવે સ્વર્ગસ્થ ) દ્વારા સંશોધિત આવૃત્તિમાં ઉલ્લેખ છે. ચોખંડા તેમજ ધનુષ્યાકાર

---

૧ આ કૃતિનાં પહેલાં ૨૯ પદ્યો, એ પૂરતી સ્વોપજ્ઞ વૃત્તિ અને એ બંનેના ગુજરાતી ભાષાંતર "શ્રી ધર્મસંગ્રહ ભાગ ૧લો "ના નામથી "જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ" તરફથી પાલીતાણાથી વિ. સં. ૧૯૬૧માં પ્રસિદ્ધ કરાયો છે. ત્યારબાદ સંપૂર્ણ મૂળ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ તેમજ ન્યાયાચાર્યકૃત ટિપ્પણો સહિત દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી બે ભાગમાં અનુક્રમે વિ. સં. ૧૯૭૧ અને ૧૯૭૪માં છપાવાઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૌંસમાંનાં લખાણ એ સંશોધક મહાશયનાં છે. આને લઇને ૧૧મા પદ્યના બે અર્થ ઉદ્‌ભવે છે.

ઉપર્યુક્ત ત્રણ પદ્યોનું ગુજરાતી ભાષાંતર હું નીચે મુજબ કરું છું :—

શુદ્ધ તર્કને ( ગ્રહણ કરવાના કાર્યને ) વિષે કર્કશ (તીક્ષ્ણ) બુદ્ધિવડે જેમણે સમસ્ત દર્શનોમાં મૂર્ધન્યતાને એટલે કે અગ્રેસરપણાને પ્રાપ્ત કરેલ છે, જેઓ 'તપ'-ગચ્છના નાયક છે, જેમણે કાશીમાં પરયૂથિકની એટલે કે અજૈન દર્શનીયોની આગળ પડતી સભાઓને જીતીને ઉત્તમ જૈન દર્શનના પ્રભાવને વિસ્તાર્યો છે, જેમણે તર્ક, પ્રમાણો અને નયોના મુખ્ય (મહત્ત્વપૂર્ણ) વિવેચનવડે, આદિમ (પહેલાના) મુનિઓના શ્રુતકેવલિપણાને જણાવ્યો છે અર્થાત્ જેમની તર્કાદિને અંગેની વિવેચનશક્તિ જોતાં પૂર્વે શ્રુતકેવલી થઇ ગયા છે એવો બોધ થાય છે, તેમજ જેઓ વાચકોની શ્રેણિમાં મુખ્ય છે એ યશોવિજયે આ ગ્રન્થના પરિશોધનાદિવડે ( અને પાઠાંતર પ્રમાણે ખરેખર આ ગ્રંથની યોજના વગેરે વડે ) મારા ઉપર ઉપકાર કર્યો. સામાચારીના વિચારને ( રજૂ કરવાને ) લઇને દુર્બોધ એવા આ ગ્રંથમાં હું બાળકની જેમ મંદગતિવાળો હોવા છતાં, એમના હાથના અવલંબનથી ( ટેકાથી ) ગતિ કરી શક્યો.

આ ઉપરથી નીચે મુજબની છ બાબતો ફલિત થાય છે:—

(૧) ન્યાયાચાર્ય યશોવિજય તીક્ષ્ણ બુદ્ધિશાળી હતા-તાર્કિક હતા, સમસ્ત દર્શનોમાં નિષ્ણાત હતા, 'તપ' ગચ્છના આગેવાન હતા, કાશીમાં પરયૂથિકના એઓ વિજેતા બન્યા હતા, ન્યાયશાસ્ત્રના પ્રખર વિવેચક હતા, અને વાચકોમાં મુખ્ય હતા.

(૨) યશોવિજયે ધર્મસંગ્રહની વૃત્તિનું સંશોધન વગેરે કાર્ય કર્યું હતું. પાઠાંતર પ્રમાણે એની યોજના વગેરેનું કાર્ય કર્યું હતું.

(૩) યશોવિજયે સામાચારીના નિરૂપણમાં સહાયતા કરી હતી.

(૪) પ્રસ્તુત સ્વોપજ્ઞ વૃત્તિ સામાચારીના નિરૂપણને લઈને દુર્બોધ છે.

(૫) માનવિજય ગણિએ પોતાની નમ્રતા અને કૃતજ્ઞતા દર્શાવી છે.

(૬) માનવિજય ગણિને યશોવિજયની વિદ્વત્તા માટે ખૂબ માન હતું.

બીજા સંશોધક લાવણ્યવિજયને અંગે મુદ્રિત પ્રશસ્તિમાં નિમ્નલિખિત પદ્ય ચોખંડા કૌંસમાં જોવાય છે:—

" सिद्धान्तव्याकरणच्छन्दः—
काव्यादिशास्त्रनिष्णातैः ।
लावण्यविजयवाचकशक्रैः
समशोधि शास्त्रमिदम् ॥१३॥ "

આનો અર્થ એ છે કે સિદ્ધાન્ત, વ્યાકરણશાસ્ત્ર, છન્દઃશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર ઇત્યાદિમાં નિષ્ણાત એવા વાચકેન્દ્ર લાવણ્યવિજયે આ શાસ્ત્રનું સંશોધન કર્યું.

આ ઉપરથી ચાર પ્રશ્ન ઉદ્‌ભવે છે:—

(૧) યશોવિજય જેવા ધુરંધર વિદ્વાને સંશોધન કર્યું હોવા છતાં શું અન્ય સંશોધકની જરૂર પડી ?

અહીં એ ઉમેરીશ કે વૃત્તિનું બબ્બે સંશોધકોએ સંશોધન કર્યું હોવા છતાં પ્રશસ્તિના નવમા પદ્ય દ્વારા માનવિજય ગણિએ વિદ્વાનોને પોતાની આ કૃતિનું સંશોધન કરવા કૃપા કરવા વિનવ્યા છે.

(૨) પ્રશસ્તિમાં યશોવિજયને 'વાચકોની શ્રેણિમાં મુખ્ય' કહ્યા છે અને લાવણ્યવિજયને 'વાચકોમાં શક્ર' કહ્યા છે તો શું વાચકોમાં બે શ્રેષ્ઠ છે ? જો એમ હોય તો શ્રેષ્ઠતાનો અર્થ શો ?

(૩) લાવણ્યવિજયને લગતી હકીકત ચોખંડા કૌંસમાં અપાઇ છે તો શું એને લગતું પદ્ય પ્રક્ષિપ્ત છે ?

(૪) [1]લાવણ્યવિજય તે કોણ ? એમણે પ્રસ્તુત

[1] શુભવિજયે વિ. સં. ૧૬૬૫માં કાવ્યકલ્પલતા ઉપર જે મકરન્દ રચ્યો તેનું સંશોધન મેરુવિજયના શિષ્ય લાવણ્યવિજયે કર્યું હતું. જુઓ જૈ. સા. સં. ઈ. (પૃ. ૫૯૪) આ લાવણ્યવિજય તો પ્રસ્તુત ન હોઈ શકે, એમ જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃત્તિનું સંશોધન કરવા ઉપરાંત સાહિત્યક્ષેત્રમાં એમનો શો ફાળો છે?

**ટિપ્પણકાર**–દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી પ્રકાશિત આવૃત્તિમાં સ્વોપજ્ઞ વૃત્તિમાં ચાલુ પંક્તિમાં ચોરસ કૌંસમાં ટિપ્પણોને સ્થાન અપાયું છે. આ સંસ્કૃત ટિપ્પણો પહેલા ભાગ પૂરતાં મર્યાદિત નથી. બીજા ભાગમાં પણ કોઇ કોઈ સ્થળે છે. દા.ત. બીજા ભાગના પત્ર ૬૯ અ માં ટિપ્પણો છૂટાછવાયાં હોવાથી તે કયા કયા પત્ર ઉપર છે તેનો ખ્યાલ આપનારી સૂચી અપાઇ હોત તો ઠીક થાત. આ ટિપ્પણોના રચનાર ન્યાયાચાર્ય યશોવિજયગણિ છે એમ બંને ભાગના પત્ર ૧ અમાં નિમ્નલિખિત ઉલ્લેખ જોતાં જણાય છે:–

"धर्मसंग्रहः न्यायविशारद–न्यायाचार्यश्रीमद्-यशोविजयप्रणीतान्तर्गतटिप्पणीसमेतः"

આ ઉલ્લેખ સંશોધક મહાશયે કર્યો હશે. જો એમ જ હોય તો આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરિજીના મતે ટિપ્પણકાર ન્યાયાચાર્ય જ છે.

શ્રી વિજયપદ્મસૂરિજીનો પણ આ જ મત છે એમ એમના "જૈન સત્યપ્રકાશ" (વર્ષ ૬, અંક ૮–૯)માં છપાયેલા અને ત્યારબાદ "શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ"-માં છપાયેલા લેખ (પૃ. ૨૦૦) ઉપરથી જાણી શકાય છે. અહીં એમણે નીચે મુજબનું વિધાન કર્યું છે:–

"ધર્મસંગ્રહ ટિપ્પણ–મૂલકાર ઉપાધ્યાય શ્રીમાનવિજયજીના ગ્રંથ ઉપરનું ટિપ્પણ, ભાવનગરથી જૈન આત્માનંદ સભા તરફથી પ્રગટ થયું છે."

આ સભા તરફથી સ્વતંત્ર પુસ્તકરૂપે ટિપ્પણ છપાયાનું મારા જાણવામાં નથી. એમ ન છપાવાતાં એને બદલે જો કોઇ કૃતિની સાથેસાથે એ ટિપ્પણો છપાયાં હોય તો એનું નામ સૂચવવા મારી તજ્જ્ઞોને સાદર વિજ્ઞપ્તિ છે. જો બેમાંથી એક પણ પ્રકારે એ ન જ છપાયાં હોય તો ઉપર્યુક્ત વિધાન ભ્રાન્ત ગણાય.

ધર્મસંગ્રહના–પ્રથમ વિભાગમાં ૭૦ પદ્યો છે. એ પદ્યોનું અને સાથે સાથે એની ૯૩૫૩ (૯૪૨૩–૭૦) શ્લોક જેવડી સ્વોપજ્ઞ વૃત્તિનું તેમજ એ વૃત્તિમાં યથાસ્થાન દાખલ કરાયેલાં ટિપ્પણોનું ગુજરાતી ભાષાંતર મુનિશ્રી ભદ્રંકરવિજયજીએ કર્યું છે, અને એ, ઉપર્યુક્ત ૭૦ પદ્યો તેમજ વિવિધ સાક્ષીપાઠો સહિત[1] વિ. સં. ૨૦૦૯માં પ્રકાશિત કરાયું છે. આના પૃ. ૭માં નીચે પ્રમાણેનું ટિપ્પણ ભાષાંતરકારે કર્યું છે:–

"આવા કાટખૂણાવાળું લખાણ પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરનું હોવાની માન્યતા છે."

આ ઉપરથી એમ લાગે છે કે ભાષાંતરકાર, ઉપર્યુક્ત ટિપ્પણોના કર્તા ન્યાયાચાર્ય જ છે એમ બેધડક માનતા નથી.

ટિપ્પણકાર ન્યાયાચાર્ય જ છે એમ કહેવા માટે મને કોઇ પ્રબળ પ્રમાણ જેમ મળ્યું નથી તેમ એ ટિપ્પણો અન્યકર્તૃક છે એમ કહેવા માટે પણ કોઇ વિશિષ્ટ પુરાવો હજુ સુધી તો મળ્યો નથી.

ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિનાં ટિપ્પણો સ્વતંત્રપણે રજૂ કરતી કોઇ હાથપોથી હોય તો તેની નોંધ જિનરત્નકોશ (વિભાગ ૧)માં છે કે નહિ એ જાણવા માટે મેં આ ગ્રન્થ જોયો તો જણાયું કે એવી કોઇ હાથપોથી અહીં નોંધાયેલી નથી. અહીં ધર્મસંગ્રહનું પરિમાણ ૧૫૬૦૮ શ્લોકનું દર્શાવાયું છે અને એ વિ. સં. ૧૭૩૮ માં રચાયાનો ઉલ્લેખ છે. આ પરિમાણ મૂળ કૃતિનું છે જ નહિ. એ તો સ્વોપજ્ઞ વૃત્તિનું અને તે પણ ટિપ્પણ સહિતનું હશે. જો એમ જ હોય તો ટિપ્પણોનું પરિમાણ ૧૦૦૬ (૧૫૬૦૮–૧૪૬૦૨) શ્લોકનું ગણાય. ધર્મસંગ્રહના રચનાવર્ષનો ઉલ્લેખ એમાં નથી, પરંતુ એની વૃત્તિ અને એની પ્રશસ્તિના ઓદમા પદ્ય પ્રમાણે "પૃથ્વી–ગુણ–મુનિ–ચન્દ્ર" થી ઘોતિત વર્ષમાં એટલે કે

---

[1] ત્યારબાદ આજ દિન સુધીમાં પ્રથમ ભાગની બીજી આવૃત્તિ કે દ્વિતીય ભાગ પ્રસિદ્ધ થયેલ હોય તો તે મારા જોવા–જાણવામાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિ. સં. ૧૭૩૧ માં રચાઈ છે. 'પૃથ્વી'થી 'આઠ' સમજવાનું કોઈ વિધાન હોય તો ૧૭૩૮ એવું વર્ષ દર્શાવી શકાય. શબ્દાંક જ જો કોઇ હાથપોથીમાં ભિન્ન હોય તો તે વાત જુદી છે.

ધર્મસંગ્રહની સ્વોપજ્ઞ વૃત્તિની હાથપોથીઓ અને તેમાં પણ લિપિકાળના ઉલ્લેખવાળી, તપાસાય તો ટિપ્પણકાર કોણ છે તે ઉપર પ્રકાશ પડવા સંભવ છે. **માનવિજયગણિએ** પ્રશસ્તિમાં "**સંશોધનાદ્યૈઃ**" અને પાઠાંતર પ્રમાણે "**યોજનાદ્યે**" દ્વારા ન્યાયાચાર્યને 'ટિપ્પણકાર' સૂચવ્યા હોય તો ના નહિ.

આ પરિસ્થિતિમાં **ધર્મસંગ્રહની** વૃત્તિનાં ટિપ્પણોના કર્તા તરીકે ન્યાયાચાર્યનો ઉલ્લેખ સર્વથા ન જ કરાય તો તે મારી નમ્ર સમજ પ્રમાણે સમુચિત ન ગણાય અને એથી તો યશોદોહનમાં મેં એ ટિપ્પણોની નોંધ બે સ્થળે [1]લીધી છે, અને આ પૂર્વે, સ્તુતિચતુર્વિંશતિકાની મેં વીરસંવત ૨૪૫૪ માં સંસ્કૃતમાં લખેલી [2]ભૂમિકા( પૃ. ૧૦૭ )માં તેમજ ઇ. સ. ૧૯૫૩ માં પૂર્ણ કરેલ. **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** ( ખંડ ૨, ઉપખંડ ૩, પ્રકરણ ૩૦ ) માં ઉલ્લેખ કર્યો છે.

---

૧ **યશોદોહનના** જે બે ખંડ (પ્રથમ ખંડનું નામ બાહ્ય જીવનની રૂપરેખા છે ) છે તે પૈકી 'યશઃકવન 'નામના દ્વિતીય ખંડના ત્રીજા ઉપખંડના સાતમા પ્રકરણમાં તેમજ "કૃતિકલાપ" નામના પ્રથમ પરિશિષ્ટમાં.

૨ અહીં જે "ધર્મસંગ્રહ" ઉલ્લેખ છે તેને બદલે 'ધર્મ-સંગ્રહ વૃત્તિ' એમ જોઇએ. વિશેષમાં પૃ. ૯૯–૧૦૯ માં ન્યાયાંચાર્યનો કૃતિકલાપ અને એને લગતી કેટલીક વિગતોમાં મેં રજૂ કરેલ છે તેમાં યોગ્ય સુધારાવધારાને માટે અવકાશ રહેલો છે. અને એનો અમલ મેં **યશોદોહનમાં** યથાશક્ય કર્યો છે.

संतप्तायसि संस्थितस्य पयसो नामापि न श्रूयते
मुक्ताकारतया तदेव नलिनीपत्रास्थितं राजते।
स्वात्यां सागरशुक्तिसंपुटगतं तज्जायते मौक्तिकम्
प्रायेणाधममध्यमोत्तमगुणाः संसर्गतो जायते ॥

( ભુજંગી )

પડે તપ્ત લોઢા પરે વારિ જ્યારે, રહે નામ નિશાન તેનું ન ત્યારે;
પડે પદ્મપત્રે કદિ તે જ વારિ, દિસે આકૃતિ મોતીના તુલ્ય સારી.
કદિ સ્વાતિ નક્ષત્રમાં લાભકારી, પડે સાગરે છીપમાં તે જ વારિ;
બને તો ખરે તે જ મોતી અમૂલ્ય, કહો કોણ છે શ્રેષ્ઠ સંસર્ગ તુલ્ય.
ગુણો નેષ્ટ સામાન્ય કે શ્રેષ્ઠ તેમ, મળે ભાઈ સંસર્ગ જેવો જયમ;
કરો સુજ્ઞ તે માટે સૌ સંગ સારો, રૂડી શીખ આ ના કદિયે વિસારો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહત્ત્વાકાંક્ષા

( ગતાંક પૃષ્ટ ૨૧૭ થી શરૂ )

અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ

જે યુવકો અવ્યવસ્થિત રીતે જીવન વહન કરવામાં સંતોષ માને છે, જે પોતામાં જે કાંઇ છે તેનાથી અર્ધ સંતુષ્ટ છે, જેઓએ પોતાની શક્તિના અલ્પાંશનો ઉપયોગ કર્યો છે, જેઓની શક્તિઓનો સર્વથા દુરુપયોગ થાય છે-નકામી જાય છે તેવા યુવકો કંઈ પણ ઉપયોગી કાર્ય કરવાને સમર્થ થઈ શકતા નથી. જેઓમાં મહત્ત્વાકાંક્ષા, શક્તિ, ઉત્સાહ વગેરેની ખામી છે, અત્યલ્પ પ્રતિરોધ કરવો પડે એવા માર્ગે ચાલવા જેઓ ખુશી હોય છે અને જેઓ ઓછામાં ઓછો પરિશ્રમ લે છે, તેવા યુવકો તરફથી કંઇપણ ઉપયોગી કાર્યની આશા રાખવી નિરર્થક છે. તેઓમાં જીવનના પાયારૂપ કશું હોતું નથી કે જેના ઉપર ઇમારત બાંધી શકાય. પાયાના રૂપમાં તેઓની પાસે શરૂઆતમાં જે કંઇ હતું તે સર્વ નિરુપયોગી થઈ પડ્યું છે. આ ઉપરથી એવા નિર્ણય પર આવી શકાય કે જે યુવક પોતે હમણાં કરે છે તેનાથી સંતુષ્ટ થતો નથી, જે હંમેશા તેમાં સુધારો કરવાનો નિશ્ચય કરે છે અને જે પોતાના કાલ્પનિક આદર્શોને સત્ય કરવા મથે છે તે જીવનક્ષેત્રમાં વિજયી નીવડે છે. ઘણાખરા માણસોની બાબતમાં એક મુશ્કેલી એ ઊભી થાય છે કે તેઓના આદર્શો અત્યંત નિકૃષ્ટ અને સાધારણ કોટિનો હોય છે, તેઓ પોતાની આશાઓને તેજસ્વી રાખતા નથી અથવા તો મહેચ્છાઓ પૂરતા પ્રમાણમાં કેળવતા નથી. તેઓ પશુની માફક જ જીવન ગુજારે છે. આત્મોન્નતિ કરવાની ઇચ્છા રાખનારે ઉચ્ચ વિચારો અને ઉચ્ચ ઇચ્છાઓ કેળવવા જોઇએ. દૃષ્ટિ નીચે રાખી ઊંચે ચઢવાનું કાર્ય અશક્ય છે. કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ થયા પહેલાં તે વસ્તુ માટે મહેચ્છા જાગવી જોઇએ. જેમ જેમ સુધારો આગળ વધે છે તેમ તેમ ઇચ્છાઓ ઉચ્ચ બનતી જાય છે; અને જેમ જેમ ઇચ્છાઓ ઉચ્ચતર થાય છે તેમ તેમ લોકો ઉન્નતિક્રમમાં પ્રગતિ કરતા થઇ જાય છે.

અહિં એવો પ્રશ્ન કદાચ ઉપસ્થિત થાય કે પ્રત્યેક માણસ પોતાના લક્ષ્યસ્થાને પહોંચે અને પોતાના ઉચ્ચ અભિલાષોનું સાફલ્ય પ્રાપ્ત કરે તો મનુષ્ય જાતિનું શું થશે ? કોઈ પણ માણસ પોતાની ઇચ્છામાં આવશે તે કરતાં વધારે કાર્ય કરવા ઇચ્છશે ? હલકાં કાર્યો કરવાનું કોણ માથે લેશે ? આના ઉત્તરમાં એ જ કહેવાનું કે ધારો કે જગતના સર્વ મનુષ્યો ધનવાન માતાપિતાના પુત્રો અને પુત્રીઓ હોય અને સર્વ લોકો પોતાનો સમય મોજમજામાં નિર્ગમન કરવામાં અને પોતાને પ્રતિકૂળ લાગતાં કાર્યોથી જેમ બને તેમ અલગ રહેવામાં અને તેને તજી દેવામાં જીવનની કૃતકૃત્યતા સમજતા હોય તો પણ આવા લોકોથી વસાયલી દુનિયાને જંગલી અવસ્થા પુનઃ મેળવવામાં કેટલો બધો સમય લાગશે ?

સહેજ વધારે ઊંચે ચઢવાના, સહેજ વધારે સુખદ સ્થિતિમાં મૂકાવાના, વધારે સારી કેળવણી સંપાદન કરવાના, વધારે વિકાસ અને સંસ્કૃતિ પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાના, સંપત્તિની પ્રાપ્તિથી સત્તાથી સમન્વિત થવાના મનુષ્યોના પ્રયત્નો તે બીજું કંઇ નથી પરંતુ જેનાથી મનુષ્યજાતિના શ્રેષ્ઠ આદર્શભૂત વ્યક્તિઓના ચારિત્ર્ય અને સત્ય વિકાસ પામ્યા છે તે જ છે. આપણા જીવનની ઊર્ધ્વગતિ અન્ય લોકોમાં આપણા માટે શ્રદ્ધાની પ્રેરણા કરે છે.

જેવી રીતે અરણ્યમાંથી યાહુદી લોકોને દોરવામાં મોઝીસે માર્ગદર્શકનું કાર્ય કર્યું હતું તેવી રીતે મનુષ્યજાતિને મુશ્કેલીરૂપી અરણ્યમાંથી નિવૃત્તિપ્રદ પ્રદેશમાં દોરી લાવવામાં મહત્ત્વાકાંક્ષા માર્ગદર્શક અથવા તો નેતાનું કાર્ય બજાવે છે. ખરું છે કે મનુષ્યજાતિનો મોટો ભાગ એટલે બધો પછાત છે કે નિવૃત્તિપ્રદ પ્રદેશ તેઓને દૃષ્ટિગોચર થાય એ પણ લગભગ અસંભવિત છે; તેમ છતાં એ પણ ખરું છે કે અર્ધ-જંગલી દશા ભોગવતા મનુષ્યોમાં કંઈક સુધારો થયો છે.

મહેચ્છાઓ લોકોને સુધારાની તુલામાં મૂકે છે. કોઇ પણ વ્યકિતના અથવા પ્રજાના આદર્શોથી તેની વર્તમાન સ્થિતિનું તેમજ ભવિષ્યની શકયતાનું માપ થઇ શકે છે. જીવનના દરેક ક્ષેત્રમાં આપણા આદર્શો અને મહેચ્છાઓ ઉચ્ચતર અને સ્વચ્છતર બનતા જાય છે. ઉત્કર્ષ અને સુધારાની ગતિ એટલી બધી વેગવાળી છે કે પ્રત્યેક પ્રયત્ન કરવામાં પહેલાં કરતાં મહત્તર ઇચ્છાઓ, ઉચ્ચતર આદર્શો, ઉચ્ચતર બુદ્ધિ અને પ્રયાસની અપેક્ષા છે. આદર્શોથી આખી માનવજાતિ ક્રમે ક્રમે પરિવર્તન પામી ઉન્નતિના શિખર પર સ્થિત થાય છે અને અંતે પ્રત્યેક વ્યક્તિ જે તેનો જન્મસિદ્ધ હક્ક છે એ સુખદ સ્થિતિમાં મૂકાય છે.

પોતે જે કાંઈ પ્રાપ્ત કર્યું છે તેનાથી જે સંતુષ્ટ થઇ બેસી રહે છે તે જ માણસ ઉન્નતિ ક્રમમાં આગળ વધતો અટકી જાય છે; પરંતુ ઉન્નતિક્રમમાં આગળ વધતા મનુષ્યને તો અખિલતામાં, પરિપાકમાં મહાન ન્યૂનતાનો જ ભાસ થયા કરે છે. અને પ્રત્યેક વસ્તુ અપૂર્ણ જ ભાસે છે. કારણ કે તે હમેશાં આગળ ને આગળ વધવાને પ્રયત્નશીલ હોય છે. આગળ વધતો માણસ પ્રાપ્ત વસ્તુઓથી હમેશાં અસંતુષ્ટ રહે છે. વધારે ને વધારે ઉચ્ચતા અને સંપૂર્ણતા માટે સતત પ્રયત્નશીલ રહે છે. ઉચ્ચગામી થવાની ટેવ, ગઇકાલ કરતાં આજે કંઇક વિશેષ સારું કરવાનો યત્ન, ભૂતકાળમાં હોઇએ તે કરતાં વર્તમાનમાં કંઇક વિશેષ સારા થવાનો યત્ન–આ સર્વથી જીવનપંથમાં આગળ વધવામાં જે સહાય મળે છે તે બીજી કોઇ પણ વસ્તુથી મળતી નથી.

જેઓ આપણા કરતાં ઉચ્ચતર પદે સ્થિત થયા હોય છે, જેઓએ આપણા કરતાં વધારે સારી કેળવણી પ્રાપ્ત કરી હોય છે અને આપણા કરતાં વિશેષ સંસ્કૃતિને પામ્યા હોય છે, જે જે વિષયોનું આપણે અત્યલ્પ જ્ઞાન ધરાવીએ છીએ તે તે વિષયોમાં જેઓ આપણા કરતાં વધારે ઊંડા અનુભવી નીવડયા હોય છે તેવા મનુષ્યોના નિત્ય સહવાસથી આપણને ઉન્નતિના માર્ગે આગળ વધવામાં અદ્‌ભુત સહાય મળે છે. જ્યારે કોઇ વ્યક્તિની વૃત્તિઓ અધોગમન કરે છે, જ્યારે તે પોતાના કરતાં હલકી કોટિના મનુષ્યોના સહવાસમાં રહે છે, અને જ્યારે તે હલકા પ્રકારની ભ્રષ્ટ કરનારી મોજમજા મેળવવા યત્ન કરે છે ત્યારે તેનો અધઃપાત અને અપકર્ષ કેટલી ત્વરાથી થાય છે તે વિચાર કરતાં સહજ સમજી શકાય તેમ છે. એથી ઊલટું જે ક્ષણે આ ક્રમ બીજી દિશામાં બદલવામાં આવે છે કે તરત જ ઉચ્ચગામી વૃત્તિ અને પ્રગતિ તેટલી જ વેગવાળી બને છે.

જીવનમાં મહત્વાકાંક્ષા સેવવાની ટેવ એક પ્રકારની ઉન્નત કરનાર અને મહાન કરનાર શક્તિ છે. તેનાથી માનસિક શક્તિઓ વિશાળ અને વિસ્તૃત બને છે, ગુપ્ત રહેલી શક્તિઓ જાગૃત થાય છે. આ ઉપરાંત તેનાથી મહાન આંતરિક બળને પ્રોત્સાહન મળે છે અને સામાન્ય સંજોગોમાં જે સામગ્રી ગૂઢ પડી રહે છે તે સચેતન, ઉદ્યુક્ત અને ઉત્તેજિત થાય છે. જેને લઇને મનુષ્યને કાર્ય કરવામાં કંટાળો આવતો નથી, જેનાથી કાર્યનો ભાર હલકો થાય છે અને કાર્ય કરવાનો માર્ગ સરળ બને છે એવી મહત્વાકાંક્ષાથી જો માણસ પ્રોત્સાહિત થતો નથી તો તે કંઈ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાન કાર્ય કરવા સમર્થ થતો નથી. જે માણસ એક ગુલામ અથવા ઊતરી ગયેલા ઘોડાની માફક કાર્ય હાથમાં લે છે તે કદિ પણ પ્રકાશમાં આવી શકતો નથી. કોઈ પણ નાનામોટા કાર્યને માટે મહત્વાકાંક્ષા, ઉત્સાહ અને પ્રેમ હોવા જોઇએ; નહિ તો પરિણામ શૂન્ય જ આવવાનું તે નિશ્ચિત વાત છે.

અનુકૂળ પરિસ્થિતિમાં મુકાઇને જીવનમાં વિજયી નીવડવું એ દુષ્કર કાર્ય છે, પરંતુ આપણને સોંપાયલા કાર્ય પરત્વે પ્રેમ રાખવો તે અજબ સહાય અને શક્તિ આપનાર ઔષધિ સમાન છે. ઉત્સાહ આપણને ભય અને વિઘ્નોથી અજાણ રાખે છે. જો તમને તમારી મહત્વાકાંક્ષા ક્ષીણ થતી લાગતી હોય, તમને તમારા કાર્ય માટે પહેલાં જેવો ઉત્સાહ ન લાગતો હોય, તમને તમારા કાર્યમાં રસ ન પડતો હોય તો સમજવું કે કોઈક સ્થળે કંઇક સડો હોવો જોઇએ. કદાચ તમને સત્ય સ્થાન મળ્યું નથી, કદાચ નિરાશાજનક સંજોગોને લઇને તમારો ઉત્સાહ દબાઇ ગયો હોય; ગમે તેમ હોય, તો પણ જો તમને તમારી મહેચ્છાઓ ક્ષીણ થતી જણાતી હોય, કાર્ય કરવું કંટાળાભરેલું લાગતું હોય અને હમેશાં કાર્ય કરવાનો કંટાળો વધતો જતો લાગતો હોય તો તેના ચાંપતા ઉપાયો લેવાને તમારાથી બને તેટલું કરવામાં વિલંબ કરવો જોઇએ નહિ. તમે અમુક કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય અને તેના સંબંધમાં જેમ તમે કહો છો તેમ તમે કરો તો ઉત્સાહ વધારવાનું કામ લેશ પણ મુશ્કેલ લાગશે નહિ હમેશના પરિચય વગર મિત્રતા નભી શકે નહિ. આ નિયમ મહત્વાકાંક્ષાના સંબંધમાં પણ સત્ય નીવડે છે.

પોતાની અંદરનો અગ્નિ શાંત થઇ જવાથી ઘણા લોકોને આપણે પાટા પરથી ખસી ગયેલા જોઇએ છીએ, તેઓના બોઇલરોમાં પાણી ઠરી જવાથી તેઓની ગાડી આગળ ચાલી શકતી નથી, છતાં પૂર્ણવેગે દોડનારી ગાડીઓને પસાર થતી જોઇને તેઓ આશ્ચર્ય પામે છે. તેઓ ભૂલી ગયા હોય છે કે શાંત થઈ ગયેલા અગ્નિથી તેઓની ગાડીયો કદિ પણ પૂર્ણ વેગથી ચાલી શકશે નહિ. આ લોકો તેઓના પાટાને ઊંચા કરતા નથી, સડકનો સમુદ્ધાર કરતા નથી, પોતાના એન્જીનમાં વરાળ થાય ત્યાં સુધી પાણી ઉકાળતા નથી તથાપિ તેઓ પોતાના લક્ષ્યસ્થાને પહોંચતા નથી તો તેઓ ફરિયાદ કરે છે. તદ્દન નવી સડક પર અને નવા એન્જીનો સહિત ઝડપથી દોડી જતી પોતાના સાથીની ગાડીના કરતાં પોતાની ગાડીનો વેગ કેમ મંદ પડી ગયો છે તે તેઓ સમજી શકતા નથી. તેઓની ગાડી ખરાબ થઈ ગયેલી સડક પરથી ઊતરી જાય છે તેનો આરોપ તેઓ પોતાના કમનશીબ અથવા દુર્ભાગ્ય ઉપર મૂકે છે.

(ચાલુ)

## વાચકોને વિનતિ

શ્રી જૈન 'આત્માનંદ પ્રકાશ'નો આગામી અંક હવે ૧૫મી સપ્ટેમ્બરના રોજ પ્રગટ થશે. લેખકો પોતાના લેખો સવેળા મોકલી આપે એવી વિનતિ છે.

## ભેટ મળશે

'અષ્ટાન્હિકા વ્યાખ્યાન'ની પ્રત સાધુ-સાધ્વી તથા જ્ઞાનભંડાર આદિ સંસ્થાઓને ભેટ આપવાની છે. જરૂરીયાત હોય તેઓએ પોસ્ટ ખર્ચના ૨૬ નવા પૈસા શ્રી હીરાચંદ હરગોવિંદ શાહ-રાધનપુરી બજાર, ભાવનગરના સીરનામે મોકલીને પ્રત મંગાવી લેવા વિનતિ છે.

For Private And Personal Use Only

Reg. N. B. 431

# માયાનો પ્રભાવ

આપણા હૃદયનો પ્રત્યેક ધબકારો, આપણી પ્રત્યેક ભાવના આપણને નિઃસ્વાર્થતા કેળવવાનું કહે છે. આપણે સમજીએ છીએ કે નિર્લેપતા, નિઃસ્વાર્થતામાં જ સુખ છે. સ્વાર્થ–આસક્તિ સર્વ દુઃખોનું મૂળ છે. આવો ઉપદેશ બીજાઓને આપવામાં પણ આપણે પ્રવીણતા બતાવીએ છીએ. તે છતાં દૈવી અને અસુરી સંપત્તિઓ વચ્ચે આપણી અંદર યુદ્ધ શરૂ થાય છે ત્યારે આપણે જ નિમ્ન પ્રકૃતિને વશ થઈ જઇએ છીએ. જગતમાં જેમની પાસે સત્તા હોય છે તેઓ જ્યારે તેનો દુરુપયોગ કરીને બીજા ઉપર જુલમ ગુજારે છે ત્યારે કેટલાક સહૃદયી લોકો તેમનો વિરોધ કરી જરૂર પડે તો વિપ્લવ પણ કરીને તેમની પાસેથી સત્તા છીનવી લે છે. પણ અમુક કાળ પછી આ પ્રમાણે અન્યાય સામે ઝંપલાવનારાઓ જ સત્તાના મદને વશ થઇને સ્વાર્થ સાધવા માંડે છે. જે આદર્શને માટે બલિદાન આપ્યું હોય તેને ભૂલી જઇને પોતે જ ચિત્તના કઠિન વિકારોને તાબે થઇ જાય છે. આ ' માયા' નો પ્રભાવ છે.

હરેક માતાને પોતાનું બાળક જન્મથી જ મહાબુદ્ધિશાળી અને સર્વગુણસંપન્ન, અસાધારણ કોટીનું લાગે છે. બાળક યુવાવસ્થા પ્રાપ્ત કરે, દુરાચારી થાય, માતાને ત્રાસ આપે, તેના ભરણપોષણ તરફ ધ્યાન ન આપે, સારી પેઠે પજવે, અપમાન કરે, તો પણ જેમ જેમ હેરાનગતિમાં વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ માતાની આસક્તિમાં પણ વધારો થતો જાય છે. આને જ 'માયા' કહે છે. માયાનો વ્યાપાર અતિ જટિલ છે. આપણે બધા માયાના વર્ચસ્ નીચે જ છીએ. માયાને ઓળંગવાનું કાર્ય દુસ્તર છે.

—સ્વામીશ્રી અદ્વૈતાનંદજી

મુદ્રક અને પ્રકાશક :– હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રીં. પ્રેસ : ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only